# પાલનપુર હાઈવે પર ત્રિપલ અકસ્માતમાં માતા અને પુત્રનું કમકમાટીભર્યું મોત, પિતા ગંભીર

### ટ્રક અને લકઝરી બસ વચ્ચે કાર આવી જતા સર્જાયો અકસ્માત

જીલ્લા મથક પાલનપુરમાં એરોમા સર્કલ નજીક અમદાવાદ હાઈવે પર ટ્રક અને લક્ઝરી બસ







વચ્ચે કાર આવી જતા ગમખ્વાર અકસ્માતમાં માતા અને પુત્રનું મોત નીપજ્યું હતું અને એકને ગંભીર રીતે ઘાયલ થતાં પાલનપુર ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આજે પાલનપુરમાં બપોર બાદ બનેલી અકસ્માતના ઘટનામાં શહેરના કૈલાસનગરમાં રહેતા પ્રજાપતિ પરિવારને અકસ્માત નડ્યો હતો. આ અકસ્માતમાં ટ્રક અને લકઝરી બસ વચ્ચે કાર ધડાકાભેર અથડાતા કારનો ફૂરદો થઈ જતા અંદર બેઠેલા ત્રણમાંથી બે વ્યક્તિઓને ભારે જહેમત બાદ કટરથી કારનું પડખું તોડી જીવત બહાર નીકળવામાં આવ્યા હતા અને ગંભીર અવસ્થામાં પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા અને કારને રોડ પરથી હટાવવા માટે ક્રેનની મદદ લેવાઈ હતી. જો કે આ અકસ્માતમાં એક મહિલાનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માતના કારણે આબુ અને અમદાવાદ હાઈવે પર ટ્રાફિક જામ થયું ગઈ હતું. પોલીસ ઘટના સ્થળ પર જઈ લોકના ટોળાને દુર કરવા માટે બળ પ્રયોગ કર્યો હતો.

## ભિલોડામાંથી ફાઈનાન્સરનું બાઈક ચોરાયું

ભિલોડા,તા.૩

ભિલોડામાં હાર્દસમા બજાર વિસ્તારમાં બાઈકોની ચોરીઓના બનાવો વારંવાર બનતા બાઈક ધારકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. બાઈક ચોર ટોળકી સક્રીય હોવાનું બાઈક ધારકોમાં ચર્ચાય છે. બાઈક ચોરીનો સીલસીલો ઠેર-ઠેર જારી બની ગયો છે.દેના ગુજરાત ગ્રામીણ બેંકની બાજુમાં આવેલ ગંગા આશીષ કોમ્પલેક્ષ પાસે પાર્ક કરેલું હિરો સ્પ્લેન્ડર પ્રો બાઈક કિંમત રૂ.૨૦, ૦૦૦/-નું ચોરાયું હતું. પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. ઈન્દુબેન ગામેતી, હેડ કોન્સ. મુકેશભાઈ પ્રજાપતીના જણાવ્યા મુજબ લીલછા ગામના પુષ્પરાજ સુભાષભાઈ જોષીએ દેના ગુજરાત ગ્રામીણ બેંકની આગળ પાર્ક કરેલું હિરો સ્પ્લેન્ડર પ્રો બાઈક નંબર.જી.જે.૯. સી.પી. ૦૧૮૯ અજાણ્યા ચોર ઈસમોએ રૂ. ૨૦, ૦૦૦/- બાઈકનું લોક તોડી નાખી અજાણ્યા તસ્કરો પલભરમાં પલાયન થઈ ગયા હતા.

# ગુજરાત અગ્રેસર રહીને સમગ્ર દેશને રાહ ચિંધશે તેનો વિશ્વાસ છે : ડી.જી. વણઝારા

મોડાસા, તા.૩

અરવલ્લી-સાબરકાંઠા સહિત ઉત્તર ગુજરાત અને રાજ્યના વિવિધ જિલ્લાઓના પદાધિકારીઓનું સંમેલન




ઈન્ટરનેશનલ એન્ટી ટેરેઝમ, નવી દિલ્હીના મહાસચિવ અમન રાજપૂત તેમજ રાજયના પૂર્વ નિવૃત્ત વરિષ્ઠ અધિકારી ડી.જી. વણઝારાના મુખ્ય મહેમાન પદે યોજાયું હતું.

જેમાંપ્રારંભેમહાસચિવ અમન રાજપૂતે આંતર રાષ્ટ્રીય આતંકવિરોધી મૂવમેન્ટનો ખુબ જ વિસ્તૃત રીતે ખ્યાલ આપ્યો હતો. સહુમાં દેશ ભક્તિ, દેશદાઝ અને દેશનું ગૌરવ વધે અને તેદ્વારા આતંકવાદ સામે લડત આપવા આ સંગઠન ઉભુંકરાયુંહોવાનું જણાવી તે દિશામાં સંગઠિત થવા હાકલ કરી હતી.

મુખ્ય મહેમાનપદેથી પૂર્વ નિવૃત વરિષ્ઠ પોલીસ અધિકારી ડી.જી. વણઝારાએ આતંકવાદની ઉત્પત્તિથી માંડી આજે જે રીતે આતંકવાદ દરેક રાષ્ટ્રો માટે એક પડકારના રૂપમાં ઉભરી રહ્યો છે ત્યારે તેનો જન્મ કઈ રીતે થયો તે વિશે પ્રકાશ પાડવા સાથે વૈશ્વિક આતંકવાદ વિષય પર તેમણે મનનીય માર્ગદર્શન પૂરું પાડયું હતું.

(આઈએટીમ)ના આ માધ્યમથી જે આંદોલન ઉપાડ્યું છે તેને સમયની માંગ હોવાનું ગણાવી ગુજરાત જ દેશને આ દિશામાં પણ રાહ ચીંધશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. પ્રારંભે મહાસચિવ દિનેશભાઈ પટેલ અને જગદીશ ગાંધીએ શાબ્દિક રીતે સહુને આવકાર્યા હતા. જેમાં અરવલ્લીના એઆઈટીએમના પ્રમુખ પ્રભુદાસ પટેલ, જીત ત્રિવેદી અને સાબરકાંઠા જિલ્લા સહિત ઉત્તર ગુજરાતમાંથી પણ જિલ્લા પ્રમુખો-પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સંમેલનમાં આગામી ૨૧મી મે ના રોજ નવી દિલ્હીમાં યોજાનાર તમામ રાજ્યોના સંમેલનમાં ગુજરાતમાંથી દરેક જિલ્લામાંથી તમામ આઈએટીએમના પ્રમુખો સહિત પદાધિકારીઓએ ઉપસ્થિત રહેવાનું પણ નક્કી થયું હતું.





પાલનપુર ખાતે યોજાયેલ બ્રહ્મ સમાજ ના ભૂદેવ પ્રતિભા શોધ ૨૦૧૭ અંતર્ગત કાર્યક્રમ માં ૧૫ હજાર થી વધુ ભૂદેવો ઉમટ્યા હતા અને જુદા જુદા ક્ષેત્ર માં ખ્યાતી મેળવનાર ભૂદેવો સન્માન કરવામાં આવ્યું હતું આ ભૂદેવ પ્રતિભા શોધ ના કાર્યક્રમ માં અશ્વ શો એ આકર્ષણ જમાવ્યું હતું બ્રહ્મ સમાજ ના આ કાર્યક્રમ માં ડાન્સ તેમજ અન્ય કરતબો પ્રતિભાઓ દ્વારા રજુ કરવામાં આવી હતી તેમજ મોટી સંખ્યા માં ઉપસ્થિત ભૂદેવો દ્વારા મંત્રોચ્ચાર કરવામાં આવતા સમગ્ર વાતવરણ ગુંજી ઉઠ્યું હતું આ પ્રસંગે જીલ્લા પંચાયત ના પૂર્વ પ્રમુખ રાજુભાઈ જોશી ,તેમજ સમાજ અગ્રણી શૈલેશભાઈ જોશી, અરૂણભાઈ ભાર્ગવ, ગણપતલાલ જોશી, મહેશભાઈ દવે, મનોજ ઉપાધ્યાય સહિત સમાજ નીયુવા મોટી સંખ્યા હાજર રહયા હતા.

## ભિલોડા એસ.ટી.બસ સ્ટેન્ડ પાસે ઓવરલોડ રેતી ભરેલી બે ડમ્પરો ઝડપાઈ

ભિલોડા,તા.૩

ભિલોડાના હાર્દસમા એસ.ટી.બસ સ્ટેન્ડ પાસેથી પુરપાટ ઝડપે પસાર થતી ઓવરલોડ રેતી ભરેલી બે ડમ્પરો ઝડપાઈ હતી.ભિલોડા મામલતદાર જી.કે.પટેલ, નાયબ મામલતદાર એન.એમ.ચૌધરીએ પંચનામુ કરી કાયદેસરની કાર્યવાહી દંડ ફટકારતાં ખાણ-ખનીજ માફીયાઓમાં ભારે ફફડાટ ફેલાયો છે. ભિલોડામાં દિન-પ્રતિ-દિન ખનીજ માફીયાઓ ધ્વારા ખનીજ ચોરીનું પ્રમાણ વધતાં મામલતદારી લાલ આંખ કરતાં ખનીજ માફીયાઓ ઉંઘ હરામ થઈ ગઈ છે. ઈડર તરફથી ભિલોડા તરફ આવતી ઓવરલોડ રેતી ભરેલી બે ડમ્પરો મામલતદાર ધ્વારા ઝડપાઈ હતી.ઓવરલોડ રેતી ભરેલા ડમ્પર ચાલકો અને માલીકો વિરૂધ્ધ કાયદેસરની કાર્યાવાહી હાથ ધરી હતી.

## સુનસર ગામનો નવયુવાન અગમ્ય કારણોસર બળી જતાં સારવાર અર્થે ખસેડાયો

ભિલોડા,તા.૩

ભિલોડા તાલુકાના સુનસર ગામનો નવયુવાન ખલવાડ ગામમાં અગમ્ય કારણોસર બળી જતાં સારવાર અર્થે કોટેઝ હોસ્પિટલમાં ખસેડાયો હતો ત્યારે વધુ સારવાર અર્થે હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. ઈન્દુબેન ગામેતીના જણાવ્યા મુજબ સુનસર ગામનો નવયુવાન રમેશભાઈ ખરાડી ખલવાડ ગામમાં સગાં-સબંધીના ઘરે ગયો હતો ત્યારે અગમ્ય કારણોસર બળી જતાં ૧૦૮ મારફતે ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. મેડીકલ ઓફીસર જે.આર. મોદીએ પ્રાથમીક સારવાર આપી વધુ સારવાર અર્થે હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પોલીસએ કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

## જૈન સંત ગણિ રાજેન્દ્ર વિજયજી મહારાજ અને પ્રતિનિધિઓ રાજ્યપાલશ્રીની શુભેચ્છા મુલાકાતે

ગાંધીનગર, તા. ૩

સુખી પરિવાર ફાઉન્ડેશન, નવી દિલ્હી દ્વારા હાથ ધરાયેલ આદિવાસી ઉત્કર્ષ કાર્યોના પ્રણેતા જૈન સંત પૂજ્ય ગણિ રાજેન્દ્ર વિજયજી મહારાજ અને સંસ્થાના પ્રતિનિધિઓએ આજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# ભિલોડા તાલુકા પ્રાથમિક શાળા નંબર-૧માં જુગાર રમતા ૮ ઝડપાયા

ભિલોડાના હાર્દસમા બજાર વિસ્તાર પાસે આવેલ તાલુકા પ્રાથમીક શાળા નંબર.૧ ના મેદાનમાં



રવીવારના રોજ સમી સાંજે તીન પત્તીનો પાના પત્તાનો જુગાર રમતા ૮ ઈસમોને મુદ્દામાલ સાથે પોલીસએ બાતમીના આધારે ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડા મામલતદાર જી.કે.પટેલ, નાયબ મામલતદાર એન.એમ.ચૌધરી, પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એમ. એચ. સોલંકીના જણાવ્યા મુજબ તાલુકા પ્રાથમીક શાળા નંબર.૧ના મેદાનમાં ૮ ઈસમો તીન પત્તીનો પાના પત્તાનો જુગાર રમતા હતા. સેમસંગના મોબાઈલ-૩, માઈક્રોમેક્સ મોબાઈલ-૨ કુલ મુદ્દામાલની કિંમત રૂા.૧૦,૦૩૬/-નો ઝડપાયો હતો. ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૧ ના મેદાનમાં જુગાર રમતા ૮ ઈસમોના નામ નીચે મુજબ છે. (૧) કિશોરભાઈ એ.ભાટીયા (૨) કમલેશભાઈ વી.ભાવસાર (૩) મહેશભાઈ સી.ભોઈ (૪) મુકેશભાઈ એમ.પ્રજાપતી (૫) અતુલભાઈ કે.સોલંકી (૬) લલીતભાઈ એચ.પરમાર (૭) જીતેન્દ્રભાઈ એલ.વાઘેલા (૮) વિનોદભાઈ એ.ભાટીયા તમામ રહેવાસી ભિલોડાના વતની છે.પોલીસએ બાતમીના આધારે જુગાર રમતા આઠ ઈસમોને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



### શામળાજી ખાતે જિલ્લાના આંજણા-ચૌધરી સમાજની બેઠક યોજાઈ

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં વિવિધ તાલુકા-ગામોના આંજણા-ચૌધરી સમાજના ભાઈ-બહેનોની રવિવારે શામળાજીમાં વધુ એક ચિંતન બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે જિલ્લા ખેતી બેંકના ચેરમેન અને અગ્રણી કનુભાઈ એમ.પટેલ સહિત ઉપસ્થિત સમાજના આગેવાનો દ્વારા વિવિધ ક્ષેત્રે સામાજિક ઉત્થાન અંગે ચિંતન અભિયાન આગળ ધપાવવા અનુરોધ કરાયો હતો. મોટા કોટડાના કેશુભાઈ પટેલે સહુને આવકાર્યા હતા.

# અરવલ્લી જિલ્લા સહિત ભિલોડા તાલુકામાં પીવાના પાણીનો કકળાટ

ભિલોડા,તા.૩

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં પીવાના પાણીનો કકળાટ સર્જાયો છે. અસહ્ય કાળઝાળ ગરમીમાં પીવાના પાણીની અછત સર્જાતાં જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘીએ કલેક્ટર શાલીની અગ્રવાલને રજુઆત કરી હતી.ઉનાળાની કાળઝાળ ગરમીમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે. પીવાનું પાણી,પશુઓ માટેનો લીલો-સુકા ઘાસચારાની વ્યવસ્થા કરવા અને સિંચાઈના પાણીનો પ્રશ્ન હલ કરવા સંદર્ભે જીલ્લા કલેક્ટરને ધારદાર રજુઆત જીલ્લા પ્રમુખએ કરી હતી.

ઉનાળાની સિઝન દરમ્યાન કાળઝાળ ગરમીના પ્રારંભે જ પીવાના પાણીની તંગી સર્જાઈ છે ત્યારે આગોતરૂ આયોજન કરી સમયસર તાકીદે પગલાં ભરવા અત્યંત જરૂરી છે. જીલ્લા પંચાયત પ્રમુખએ જણાવ્યું હતું કે જીલ્લામાં દરેક નાગરીકને પીવાનું શુધ્ધ પાણી મળી રહે તે હેતુસર જે વિસ્તારમાં ઓછો વરસાદ પડ્યો હોય તેવા વિસ્તારો માટે અબોલા પશુઓ માટે સત્વરે ઘાસચારાની વ્યવસ્થા, સિંચાઈના પાણીની યોગ્ય વ્યવસ્થા કરવા જણાવાયું હતું.

સુઝલામ-સુફલામ યોજના, નર્મદા યોજનાનો લાભ આ વિસ્તારના ખેડુતોને વર્ષોથી મળતો નથી તેવા સંજોગોમાં ભિલોડા તાલુકામાં આવેલ મેશ્વો, ઈન્દ્રાસી, હાથમતી જલાગારો છે પરંતુ આ જલાગારોની કેનાલો મારફતે ખેડુતોને સિંચાઈનો લાભ આપવો જોઈએ તેવી પ્રબળ લોકમાંગણી છે.

# આપત્તિ વ્યવસ્થાપન મહેસાણા દ્વારા શાળા આપત્તિ અસરકારક વ્યવસ્થાપનની તાલીમ

મહેસાણા, તા.૩

મહેસાણામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ દ્વારા જિલ્લાના બી.આર.સી અને સી.આર.સીની



તાલીમ આપતો શાળા આપત્તિ અસરકારક વ્યવસ્થાપન તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ કાર્યક્રમમાં ઉપસ્થિત અધિક કલેકટર રમેશ મેરજાએ જણાવ્યું હતું કે આપત્તિ વ્યવસ્થાપન બાબતે જાગૃતિ જરૂરી છે. જિલ્લાની શાળાઓમાં અસરકારક વ્યવસ્થાપન માટે આ પ્રકારની તાલીમ આપવામાં આવે છે. તાલીમ મેળવેલ બી.આર.સી અને સી.આર.સી જિલ્લાની શાળાઓને માહિતગાર કરવા અપીલ કરી હતી.

શાળા આપત્તિ વ્યવસ્થાપનનો ઉદ્દેશ શાળામાં કટોકટી પ્રતિકારક પ્રધ્ધતિ સ્થાપવી, કટોકટીના પ્રતિકારક માટે શાળા-સમુહને સુસજ્જ કરવો, અસરકારક પ્રતિકાર માટે ભુમિકા અને જવાબદારી નક્કી કરવી, શાળા-સમુહમાં જાગૃતિ કેળવવી તથા તેમની ક્ષમતા વધારવી, વિવિધ શમન પ્રવૃતિઓનો અમલ કરવો સહતિનો સમાવેશ થાય છે.

આપત્તિ વ્યવસ્થાપન તાલીમ કાર્યક્રમમાં બી.આર.સી અને સી.આર.સી ને તાલીમ આપવામાં આવી હતી.

# પાલનપુર મુકામે ૭મીએ સ્પર્ધાત્મક પરીક્ષાની માહિતી માટે ફ્રી માર્ગદર્શન સેમિનાર યોજાશે

પાલનપુર, તા.૩

તા. ૭ એપ્રિલ, શુક્રવારના રોજ પાલનપુર મુકામે આવેલ કાનુભાઈ મહેતા હોલ, વિદ્યામંદિર કેમ્પસ ખાતે સવારે-૯.૩૦ કલાકે સ્પર્ધાત્મક પરીક્ષાની માહિતી માટે ફ્રી માર્ગદર્શન સેમિનાર યોજાશે. નિયામકશ્રી રોજગાર અને તાલીમ ગાંધીનગરની જિલ્લા રોજગાર કચેરી પાલનપુર દ્વારા યોજાનાર આ સેમિનારમાં ગુજરાતીમાં કેરિયર ગાઈડન્સ આપતા કેરીયર ગુરૂ શ્રી પ્રફુલ્લભાઈ ગઢવી દ્વારા પરીક્ષામાં સફળતા મેળવવા અવનવી ટેકનિકસ તેમજ રાજય સરકાર દ્વારા લેવામાં આવનાર આગામી જી.પી.એસ.સી. વર્ગ-૧/૨ ની પરીક્ષા તથા ગૌણ સેવા દ્વારા યોજવામાં આવતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષા વિશેનું સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવશે.

બનાસકાંઠા જિલ્લાના યુવાનોને કારકીર્દી ઘડતર, માર્ગદર્શન તેમજ સરકારશ્રી દ્વારા લેવામાં આવનાર સ્પર્ધાત્મક પરીક્ષા અંગેની માહિતી, કેન્દ્ર સરકારના નેશનલ કેરિયર સર્વિસ (એનસીએસ) પોર્ટલની માહિતી, સંરક્ષણ ક્ષેત્રે જોડાવા માગતાં યુવાનોને આપવામાં આવતી સ્વામી વિવેકાનંદ નિવાસી તાલીમ યોજના અંગેની માહિતી, રોજગાર કચેરી દ્વારા યોજાતા રોજગાર ભરતી મેળા અંગે માર્ગદર્શન વગેરે મુદ્દાઓ પર નિષ્ણાંત માર્ગદર્શકો દ્વારા માહિતી આપવામાં આવશે. આ સેમિનારનો લાભ લેવા તથા આ અંગે વધુ માહિતી માટે જિલ્લા રોજગાર કચેરી પાલનપુરના ફોન નં.૦૨૭૪૨-૨૫૪૨૮૬ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# હિંમતનગર તાલુકા પ્રાથમિક શિક્ષણ પરિવાર દ્વારા ફૂલડાની ફોરમ કાર્યક્રમનું વિશેષ આયોજન

હિંમતનગર, તા. ૩

તા. ૧ એપ્રિલના રોજ સ્વામિનારાયણ મંદિર કાંકરોલ ખાતે જિલ્લા શિક્ષણ સમિતિ પ્રેરિત કાર્યક્રમમાં હિંમતનગર તાલુકાની પસંદ કરેલ વિવિધ શાળાઓ દ્વારા વિવિધતાસભર કાર્યક્રમોની મનભાવન રજૂઆત કરવામાં કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન મણીભાઈ પટેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી




અને હિંમતનગર તાલુકા પ્રાથમિક શિક્ષણ પરિવાર આયોજિત વાર્ષિકોત્સવ-૨૦૧૭ અંતર્ગત ફૂલડાંની ફોરમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ આવેલ. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા તાજેતરમાં રોડ અકસ્માતમાં મરણ પામેલ શિક્ષિકાબહેનને શ્રદ્ધાંજલિ અર્પી સમગ્ર કાર્યક્રમ તેમને સમર્પિત આર.એસ. ઉપાધ્યાય, પ્રાંત કલેક્ટર પાટીદાર, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, અને તાલુકાના શિક્ષક મિત્રો અને મોટી સંખ્યામાં બાળ કલાકારો ઉપસ્થિત રહેલ.